# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર : વધુ ૯ કેસ

## હિંમતનગરમાં ૮ અને વડાલીમાં ૧ દર્દીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ : જિલ્લામાં કુલ દર્દીઓની સંખ્યા ૨૬૭

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે બુધવારે વધુ નવ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. હિંમતનગરમાં શહેરી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમા પગલે કોરોના વાયરસના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે ત્યારે હિંમતનગર શહેરમાં વધુ આઠ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. આ ઉપરાંત વડાલીમાં પણ ૨૪ વર્ષીય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા વિસ્તારમાં સર્વે તેમજ કોરોન્ટાઈનની કામગીરી કરવામાં આવી છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરમાં દરિયાઈ પાર્ક સોસાયટીમાં ૩૦ વર્ષીય મહિલા, વ્હોરવાડમાં ૩૨ વર્ષીય યુવક, પોલોગ્રાઉન્ડમાં ૭૨ વર્ષીય મહિલા અને ૫૨ વર્ષીય પુરૂષ, મદીના મસ્જિદ સ્ટ્રીટ વિસ્તારમાં ૭૫ વર્ષીય પુરૂષ ઉપરાંત મદની સ્ટ્રીટ વિસ્તારમાં ૨૬ વર્ષીય યુવક ઉપરાંત ભોલેશ્વરમાં ૫૨ વર્ષીય પુરૂષ તેમજ મુફભા મસ્જિદ નજીક ૭૨ વર્ષીય વૃધ્ધ કોરોનામાં સપડાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. હિંમતનગરમાં સૌથી વધુ કેસો પોલોગ્રાઉન્ડ, વ્હોરવાડ સહિતના વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે ત્યારે લોકો પણ જાગૃતતા દાખવી બિનજરૂરી બજારમાં ફરવાનું બંધ નહિ કરે તો હજુ પણ આ વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસોમાં ચિંતાજનક વધારો થાય તો નવાઈ નહિ.

આ ઉપરાંત વડાલીમાં પણ ૨૪ વર્ષીય યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૭ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવા માટે દોટ મૂકી રહ્યા છે. જેની કોઈપણ પ્રકારની માહિતી જિલ્લાના આરોગ્ય તંત્ર પાસે ન હોવાનું પણ સૂત્રોએ કબૂલ્યુ છે. જેના પગલે સાબરકાંઠા જિલ્લામાં પણ આગામી દિવસોમાં ઘરે ઘરે સર્વેની કામગીરી પુનઃ શરૂ કરાય અને કોરોના ટેસ્ટની સંખ્યામાં વધારો કરાય તેવી પ્રજામાં માગણી ઉઠી છે.

## કોરોના મહામારીને પગલે હિંમતનગર માર્કેટયાર્ડ ૩૧ જુલાઈ સુધી બંધ

### માર્કેટયાર્ડ દ્વારા ખેડૂતોને ખેત ઉત્પાદનો લઈ ન આવવા અપીલ

સાબરકાંઠા જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના પોઝીટીવ કેસની સંખ્યા ૨૫૦ને પાર કરી ગઈ છે ત્યારે તેમાં સૌથી વધુ કેસ હિંમતનગર શહેર અને તાલુકામાં નોંધાયા છે. ત્યારે સાવચેતીના પગલારૂપે હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તાલુકાના ખેડૂતો રોજબરોજ ખેતપેદાશો વેચવા માટે ન આવે તથા સાવચેતીના પગલારૂપે માર્કેટયાર્ડ તા. ૩૧ જુલાઈ સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

આ અંગે માર્કેટયાર્ડના ચેરમેન જેઠાભાઈ પટેલ તથા ડીરેક્ટર મંડળના જણાવાયા મુજબ હિંમતનગર માર્કેટયાર્ડમાં રોજબરોજ તાલુકામાંથી ખેડૂતો પોતાના વાહનો લઈને ખેત પેદાશો વેચવા માટે આવે છે. પરંતુ કોરોના મહામારીના કપરા સમયનો ધ્યાનમાં રાખીને તથા સરકારની ગાઈડલાઈન્સ મુજબ નિયમોનું પાલન થાય તે માટે તા. ૧૮ જુલાઈ ૨૦૨૦ થી ૩૧ જુલાઈ સુધી હિંમતનગર માર્કેટયાર્ડમાં તમામ કામકાજ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

માર્કેટયાર્ડ બંધ રહેવાને કારણે વેપારીઓ હરાજીમાં ભાગ લઈ શકશે નહી અને ખેડૂતો પણ પોતાની ખેત પેદાશો વેચવા આવી શકશે નહી.



### મોડાસામાં મેઘગર્જના સાથે મેઘરાજાની પધરામણી

મોડાસા શહેરમાં બુધવારે સાંજના સુમારે મેઘરાજાની સવારી પહોંચી હતી. ગાજવીજ સાથે વરસાદ ખાબકતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાતા રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલીમાં ફસાયા હતા. મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદથી ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. વરસાદના વિરામથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા જીલ્લાવાસીઓ મેઘમહેરથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસા શહેરમાં કોરોનાનું સ્કોરબોર્ડ સતત ફરી રહ્યું છે

## વધુ બે કેસ, જિલ્લામાં વધુ ૪ કેસ નોંધાતા ૨૭૬ પર પહોંચ્યો

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. કોરોનાનું સ્કોરબોર્ડ ફરતું અટકાવવા આરોગ્યતંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે. બુધવારે મોડાસા શહેરમાં વધુ બે કેસ, બાયડની શિવવિલા સોસાયટી અને ધનસુરાના વડગામમાં એક-એક કેસ નોંધાતા જિલ્લામાં કુલ કેસનો આંક ૨૭૬ ઉપર પહોંચ્યો છે. કોરોનાના કેસ વધતું પ્રમાણ લોકોમાં ભય પેદા કરી રહ્યો છે. મોડાસા શહેરમાં જુલાઈ મહિનામાં સતત કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે બુધવારે પોઝેટિવ નોંધાયેલ દર્દીઓને જીલ્લાની કોવીડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પગલે થઈ રહેલ મૃત્યુ અટકતાં જીલ્લા વાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી પાવનસીટીમાં રહેતી ૩૬ વર્ષીય મહિલા, સુથારફળીમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા કોરોનાગ્રસ્ત બનતાં શહેરમાં વધુ એકવાર કોરોનાનો કહેર યથાવત જોવા મળ્યો હતો. કોરોનાએ બાયડમાં જમાવાટ કરી હોય તેમ બાયડમાં પણ કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. બાયડની શિવવિલા સોસાયટીમાં રહેતી મહિલા અને ધનસુરાન વડાગામ ગામના ૩૦ વર્ષીય યુવકનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો, ચારેય દર્દીઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

કોરોના પોઝેટીવ મળી આવેલ દર્દીઓના આજુબાજુના વિસ્તારને કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી લોકોના આવન-જાવર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. જીલ્લામાં ૩૦ લોકોને કોરોના ભરખી ગયો છે.

## મોડાસામાં વિશ્વ બ્રાહ્મણ દિવસ ઉજવાયો

મોડાસા, તા. ૧૫

શાસ્ત્રોકત દ્રષ્ટિએ આજે વિશ્વ બ્રાહ્મણ દિવસ માનવામાં આવે છે. મોડાસા જાયન્ટસ ટ્રસ્ટી નીલેશ જોષી તથા પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવિણભાઈ પરમારે રોજેરોજ જ્યોતિષનું કામ કરી ગુજરાન ચલાવતા પરંતુ કોરોના મહામારીમાં કામ મળતુ નથી તેવા બ્રાહ્મણ પરિવારોને રેશનીગ કિટસ (સીધુ)આપ્યું હતું.



### બાયડમાં રીક્ષાચાલકો દ્વારા બોર્ડ લગાવાયા

બાયડમાં રિક્ષાચાલક દ્વારા કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાને લઈ રિક્ષાચાલકો દ્વારા રીક્ષા ઉપર ફરજિયાત માસ્ક પહેરી બેસવું તેવા બોર્ડ લગાવવામાં આવ્યા હતા.

### લો બોલો, પ્રાંતિજ પોલીસની વાહ ભાઈ વાહ...

# દારૂની પોટલી ખુલ્લેઆમ મળશે પણ માસ્ક નહી પહેરનારને શોધી શોધીને દંડ અપાશે

### પ્રાંતિજ પોલીસની બુમરાહ છતાં ઉપરી અધિકારીઓના આંખ આડે કાન

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં જાણે પ્રાંતિજ પોલીસે કાયદાની હદ વટાવી હોય અને માનવતા પણ નેવે મુકી છે પ્રાંતિજના વેપારીઓ સહિત બજારમાં આવતા લોકોને ના જોઈતા માસ્કના નામે હેરાન કરવામાં આવે છે. દેશી દારૂની પોટલી ખુલ્લે આમ વેચાતી હોવા છતાં માસ્ક ના પહેરેલ વેપારીઓ વ્યક્તિ નગરજનો પકડવા પોલીસ રીક્ષામાં બાઈક ઉપર આવો પકડે છે તો જાહેરમાં વેચાણ થતી દેશી દારૂની પોટલીઓનુ વેચાણ કરતા તેવા લોકોને કેમ પકડવામાં આવતા નથી.

હાલ પ્રાંતિજ પોલીસ દ્વારા ના જોઈતા લોકોને વેપારીઓને વધુ પડતા હેરાન પરેશાન કરે છે. બીજી બાજુ પોલીસ દ્વારા હાઈવે ઉપર પણ ઉભા થઈ જાય છે અને આવતા જતા પ્રાઈવેટ વાહનોની પાવતી ફાડે છે પણ રોજની લાઈનોની ગાડીઓ કે ખુદ મોટા ભાગના પોલીસ કર્મીઓની ગાડીઓની પાવતી ફાડવામા આવતી નથી ત્યારે હાલ તો એક બાજુ કોરોનાનો કહેર અને બીજી બાજુ પોલીસનો કહેર વચ્ચે લોકો પીસાઈ રહ્યાં છે. પ્રાંતિજ પોલીસે માનવતા જાણે નેવે મુકી હોય દવા લઈને ઘરે આવેલ યુવકને પણ ઘરમાથી પકડીને લઈને તેની સામે ૧૮૮ કરવામાં આવી હતી, ત્યારે હાલત પ્રાંતિજ પોલીસનો લોકોને કડવા અનુભવો થતાં રહે છે ત્યારે કોરોના વોરીયર્સ તરીકે પણ પ્રાંતિજની જનતાએ બિરદાવી હતી પણ હાલ પોલીસની વધુ પડતી કાર્યવાહીને લઈને લોકોમાં પોલીસ ભક્તનો પ્રેમ હવે ઓછો થતો જાય છે ત્યારે અઠવાડિયા પહેલાં જુગાર રમતાં જુગારીઓ પાસેથી પણ પ્રાંતિજ પોલીસના કેટલાક પોલીસ કર્મીઓ દ્વારા દાવમા રહેલ અડધી રકમ તથા કેટલીક ઉપરથી રકમ ૬૦,૦૦૦ લીધી હોવાનો આક્ષેપ અને ચર્ચાઓનું પણ હાલ તો પ્રાંતિજ સહિત પંથકમાં જોર પકડયું છે ત્યારે આ તો જો ખરેખર તપાસ થાય તો ખબર પડે તેમ છે ત્યારે હાલ તો પોલીસની વધુ પડતી નગરજનો સામે રોફ અને નગરજનોને હેરાન કરવામાં આવતાં લોકોને હાલ તો પ્રાંતિજ પોલીસ પકતેનો પ્રેમ હવે ઓછો થયો છે ત્યારે હવે જોવું એ રહ્યું કે શું એસપી દ્વારા આ અંગેની કોઈપણ આગળની કાર્યવાહી કાથ ધરે કે શું એ તો હવે જોવું રહ્યું.




## ડીસામાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો દાગીના તેમજ રોકડ લઈ ફરાર

ડીસાની સાનિધ્યવિલા સોસાયટીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી રૂપિયા ૬૬,૫૦૦ના મુદ્દામાલની ઉઠાંતરી કરી ફરાર થઈ જતાં ડીસા શહેર દક્ષિણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડીસા-પાટણ હાઈવે પર આવેલી સાનિધ્યવિલા સોસાયટીમાં રહેતાં અને આઈઆરએમ ગેસ કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા જશવંતભાઈ સવજીભાઈ ખરાડી મકાન બંધ કરી ગત બુધવારે પોતાના વતન મેઘરજ ગયા હતાં. જે દરમ્યાન શુક્રવારે રાત્રે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી કબાટમાં પડેલ માલસામાન વેરવિખેર કરી રૂપિયા ૪૫ હજારની કિંમતની સોનાની ચેન, રૂપિયા આઠ હજારની કિંમતની સોનાની બુટ્ટી, રૂપિયા ૫ હજારની કિંમતના ચાંદીના સાંકળા, રૂપિયા ૫ હજારની કિંમતની સોનાની વિટી તેમજ સોનાની નથણી અને રૂપિયા ૩ હજાર રોકડા સહિત રૂપિયા ૬૬,૫૦૦ ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# અરવલ્લીમાં ખાનગી પેસેન્જર વાહનચાલકોને કોરોનાની ગાઈડલાઈન લાગુ પડતી નથી...

## ઠસો-ઠસ પેસેન્જર ભરી કોરોનાને આમંત્રણ

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા વહિવટીતંત્ર તરફથી કેટલાક નિયમ બનાવામાં આવ્યા છે જોકે મોટાભાગના નિયમ માત્ર કેહવા પુરતા અમલમાં હોય તેવુ લાગી રહ્યુ છે. હાલ કોરોના વાયરસને ધ્યાને લઈ દરેક બસમાં ૩૦ પેસેન્જરની કેપિસિટી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત મુસાફરોને સેનેટાઈઝ કરી અને માસ્ક પહેરીને જ બસમાં પ્રવેશ આપવામાં આવી રહ્યાં છે તેમજ રસ્તામાંથી કોઈ પેસેન્જર લેવામાં આવતા નથી. એસ.ટી બસના આવા નિયમ લોકોના હિત માટે છે પરંતુ તેનો ગેરલાભ ખાનગી પેસેન્જર વાહનો ચાલકો ઉઠાવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ચાર રસ્તા પર સ્ટેટ બેંકની બાજુમાંથી રોજ ખાનગી વાહનોમાં ખીચોખીચ મુસાફરો ભરવામાં આવે છે. મોટાભાગના મુસાફરો કોવિડ-૧૯ ને ફેલાતો અટકવવા નિયમો બનાવામાં આવ્યા છે તેનું પાલન કરતા નથી. મુસાફરોમાં ન તો સોશિયલ ડીસ્ટન્સ જોવા મળે છે ન તો તેમને સેનેટાઈઝ કરવામાં આવે છે. રસ્તામાં દરેક સ્થળે આ ખાનગી વાહનો ઉભા રાખી મુસાફરો ભરે છે જેથી આ વાહનો કોરોના વાહક બની શકે છે તેવુ જાગૃત નાગરીકોનું માનવું છે.

રાજયમાં ૧ જુલાઈથી એસટી બસ શરૂ કરવામાં આવી છે કોરોનાના સંક્રમણના પગલે લોકો હજુ પણ બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. અન્ય સ્થળોથી મોડાસામાં આવતા લોકો કોરોનાગ્રસ્ત મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં વધુ સંક્રમણ ફેલાવવાની ભીતિ પેદા થઈ છે. બસમાં હજુ પણ ફકત ત્રીસ પેસેન્જરનો નિયમનું પાલન કરવામાં આવી રહ્યુ છે પરંતુ મોડાસા બસ સ્ટેશનના બિલકુલ સામેથી નિયમોની એસી કી તેસી બેફામ ચાલતા ખાનગી પેસેન્જર વાહનોમાં ઠસો ઠસ પેસેન્જર ભરવામાં આવે છે.

હાલ એસ.ટી બસ ખુબ જ ઓછી સંખ્યામાં દોડી રહી છે ત્યારે ખાનગી વાહનોને ઘી કેળા થઈ ગયા છે. ખાનગી વાહનચાલકો બેફામ ભાડુ વસૂલ તો કરી જ રહ્યા છે સાથે સાથે કોવિડ-૧૯ના નિયમોનું ઉલ્લંઘન કરી ખીચોખીચ મુસાફરો ભરવામાં આવે છે. જેથી કોરોના મહામારી એક સ્થળેથી બીજા સ્થળે ફેલાઈ શકે છે. શું તંત્ર આ બાબતથી અજાણ છે કે બધુ જણતા હોવા છતાં મીઠી નજર રાખવામાં આવી રહી છે. આવા બેફામ ખાનગી વાહનચાલકો ટ્રાફિક પોલીસની નજર સમક્ષ હોય છે છતાં કેમ દેખાતા નથી કે પછી તંત્ર દ્વારા આંખ આડા કાન કેમ કરવામાં આવે છે જે પ્રજામાં પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.



## બામણા-પુનાસણની દીકરીએ રાજપુત સમાજનું ગૌરવ વધાર્યુ

સી.બી.એસ.સી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર મુંબઈ, પનવેલની હોરિઝોન સ્કુલમાં પ્રથમ ક્રમે ૯૫ ટકા મેળવી સાબરકાંઠા જીલ્લાના



હિંમતનગર તાલુકાના બામણા-પુનાસણ ગામના વતની અને મુંબઈ ખાતે રહેતા મહેન્દ્રસિંહ જોધ્ધાની સુપુત્રી અભિષાકુમારી જોધ્ધાએ સી.બી.એસ.સી વિજ્ઞાન પ્રવાહ, ધોરણ-૧૨માં સ્કુલમાં પ્રથમ નંબર ૯૫ ટકા સાથે પ્રથમ ક્રમ નંબર મેળવી બામણા-પુનાસણ ગામનું અને રાજપુત સમાજનું ગૌરવ વધાર્યું છે.

# હસનનગરમાં ઘર પર પથ્થરમારો થતા ધિંગાણું : ૧૪ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના હસનનગર વિસ્તારમાં મંગળવારે મોડી રાતના એક ઘર પર પથ્થરમારો કરતા મામલો બિચકયો હતો અને મારામારી સુધી પહોંચી જતા તેમાં એક યુવાન પર ધારીયાથી હુમલો કરી લોહીલુહાણ કરી દેતા તેને સારવાર માટે ખસેડાયો હતો. ત્યારબાદ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૧૪ જણા વિરૂદ્ધ ફરીયાદ નોંધાતા પોલીસે તરત જ બુધવારે હુમલાખોરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ અંગે રીક્ષા ચલાવતા તથા હસનગરના વણઝારા વાસમાં રહેતા ભરતભાઈ વણજારાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મંગળવારે રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે તેઓ તથા તેમના ભાઈ અજય અને અનિલના છાપરા આગળ ઉભા હતા ત્યારે કોઈક શખ્સે અનિલના છાપરા પર પથ્થર નાખી નદીના પટ તરફ ભાગી રહ્યો હતો જેથી તપાસ કરતા મંજુરઅલી નાસીરખાન પઠાણ પથ્થર હાથમાં લઈને ઉભો હતો જેથી તેને પકડી લીધો હતો. દરમિયાન અચાનક મંજુર પઠાણ સાથે અકુ મચ્છીવાલા નામનો શખ્સ ધારીયુ લઈને દોડી આવ્યો હતો.

જેના લીધે મામલો ગરમાયો હતો અને જોતજોતામાં અહી મૌસિન રસુલભાઈ પઠાણ હાથમાં લાકડી લઈને દોડી આવ્યા હતા ત્યારે હાજી સફીભાઈ તથા ઈમરાન ટાલવાલાનો ભાઈ પણ લાકડીઓ લઈને આવી ગયો હતો. ઉપરાંત તેમની સાથે અન્ય ૧૪ જણા પણ ઝઘડો કરી હુમલો કરવાના મુડમાં હોવાથી તેઓએ ધારીયા વડે હુમલો કરવાનુ શરૂ રી દીધુ હતુ અને ભરતભાઈ વણજારાને ધક્કા મુક્કી કરી તેમના પર પગના ઢીંચણના ભાગે ધારીયુ મારીને લોહીલુહાણ કરી દીધા હતા જેના લીધે આ વિસ્તારમાં લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ બીડીવીઝન પોલીસે તરત જ હસનનગર પહોંચી જઈને પરિસ્થિતિ વણશે નહી તે માટે ટોળાને વિખેરી નાખ્યુ હતુ.

છેલ્લા કેટલાક સમયથી રાત્રીના સુમારે નદી પટમાં કેટલાક રખડુઓ તથા અનિતિના ધંધા કરી રોફ જમાવતા તત્વોએ માઝા મુકી છે. ત્યારે જિલ્લા પોલીસ વડા અને અધિકારીઓએ તેમના પર નગાદાસ્તી રાખીને આવા તોફાની તત્વોને પકડીને પદાર્થપાઠ ભણાવવાની જરૂર છે. જો કે ભરતભાઈ વણજારાએ આ ધિંગાણા બાબતે ૧૪ થી વધુ વિરૂદ્ધ બુધવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે હુમલાખોરોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### કોની વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ

મંજુરખાન નાસીરખાન પઠાણ, અકુ મચ્છીવાલા, મૌસિન રસુલભાઈ પઠાણ, હાજી સફીભાઈ, જાવેદ નિજામભાઈ શેખ, નિજામભાઈ જમાલભાઈ શેખ, સલીમભાઈ સબ્બીરભાઈ કુરેશી, સાજીદભાઈ અકબરભાઈ ભટ્ટી, નવસાદ રફીકભાઈ શેખ, હસનભાઈ હૈદરભાઈ સૈયદ, શેરમહમદ નજીરમહમદ મકરાણી, ઐયુબખાત ઈબ્રાહીમખાન પઠાણ, એજાજખાન અજીજખાન પઠાણ અને સોયેબ રસુલભાઈ શેખ (તમામ રહે. હિંમતનગર)

## લાંચ પ્રકરણમાં ઝડપાયેલા આગથળાના પીએસઆઈના જામીન નામંજૂર, ડીસા જેલમાં

લાંચ પ્રકરણમાં એસીબી દ્વારા રૂપિયા ૪૦ હજારની લાંચ કેસમાં સંડોવાયેલા આગથળા પીએસ આઈના ત્રણ દિવસના રીમાન્ડ પૂર્ણ થતાં ડીસાની સેશન્સ કોર્ટમાં રજૂ કર્યા બાદ અરજી નામંજૂર થતાં ડીસા જેલમાં મોકલવામાં આવ્યા છે. બી. કે. ગૌસ્વામીને ગત તા. ૮ જુલાઈ ના રોજ ડીસા ખાતે રૂપિયા ૪૦ હજારની લાંચ લેતા બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યાં હતાં. એસીબી પોલીસે પીએસઆઈની અટકાયત કરી ડીસાની સેશન્સ કોર્ટમાં રજૂ કરતાં ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતાં. રીમાન્ડ પૂર્ણ થતાં પીએસઆઈ ભુરાભારથી કૈલાશભારથી ગૌસ્વામી એ રેગ્યુલર જામીન માટે ડીસાની સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. મંગળવારે ડીસાના બીજા એડીશનલ સેશન્સ જજ બી.જી. દવેની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ એન. એસ. વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી.

### સાબરકાંઠા જિલ્લા પોલીસની નવતર પહેલ

## જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં પારદર્શક એક્રેલીકની બેરીકેટ લગાવામાં આવી છે

હિંમતનગર, તા. ૧૫

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોનાના કેસ વધી રહ્યા છે તેવા સમયમાં સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા કોરોના સંક્રર્મણને રોકવા માટે જિલ્લાના પોલીસ તમામ પોલીસ સ્ટેશનોમાં પારદર્શક એક્રેલીકની બેરીકેટ લગાવામાં આવી છે. જેથી કોરોના વાયરસના સંક્રર્મણને ફેલાતુ રોકી શકાય. આ પહેલથી નાગરીકો તેમજ પોલીસ કર્મિઓ બંનેની સુરક્ષા થઈ શકશે.



સ્ટેશનમાં જ્યાં લોકોની અવર-જવર વધુ હોય તેવા ફરીયાદ ટેબલ પર પારદર્શક એક્રેલીકની બેરીકેટ લગાવામાં આવી છે.

પોલીસ સ્ટેશને આવતા લોકો અને ફરીયાદ ટેબલ પર બેસતા પોલીસકર્મિને બંનેના સ્વાસ્થ્યને ધ્યાને લેતા જિલ્લાના કોરોના વાયરસનો ફેલાવો દિન-પ્રતિદિન વધી રહ્યો હોઈ તેમજ પોલીસ કર્મિઓ દિવસ-રાત કાયદાના પાલન માટે અનેક જગ્યાએ જતા-આવતા હોય છે સાથે પોલીસ સ્ટેશનમાં પણ અલગ-અલગ જગ્યાએથી લોકો આવતા હોય છે.